| | |
|---|---|
| NAVSARI AGRICULTURAL UNIVERSITY | **વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની કચેરી**<br>**નવસારી કૃષિ યુનિવર્સિટી,નવસારી** |

# -: ટેન્ડર નોટીસ :-

વિસ્તરણ શિક્ષણ નિયામક, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીની કચેરી હસ્તક કાર્યરત સરદાર સ્મૃતિ કેન્દ્ર, એટીક અને મ્યુઝીયમ ખાતે પેવર બ્લોક બેસાડવાની કામગીરી કરવાની છે. આ માટેનું ટેન્ડર ફોર્મ જાહેર રજાના દિવસો સિવાય કચેરી સમય દરમ્યાન અત્રેની કચેરી ખાતેથી રૂા.૧૫૦૦/- (અંકે રૂપિયા એક હજાર પાંચસો પુરા) રોકડા જમા કરાવી, ભરેલ ટેન્ડર ફોર્મ જરૂરી સાધનિક પુરાવા સહિત તા.૨૪/૦૮/૨૦૧૮ના રોજ સાંજે ૬.૦૦ કલાક સુધીમાં પોસ્ટ/કુરીયરથી અત્રેની કચેરી ખાતે પહોંચતા કરવાના રહેશે. આ અંગેની અન્ય શરતો અને બોલીઓ અત્રેની યુનિવર્સિટીની વેબ સાઈટ www.nau.in પરથી જોઈ શકાશે.

તારીખ: ૦૮/૦૮/૨૦૧૮

**વિસ્તરણ શિક્ષણ નિયામક**

*<u>કચેરીના ઉપયોગ માટે</u>*

# નવસારી કૃષિ યુનિવર્સિટી

## સરદાર સ્મૃતિ કેન્દ્ર, એટીક અને મ્યુઝીયમ ખાતે પેવર બ્લોક બેસાડવા માટેનું ટેન્ડર ડોકયુમેન્ટ

ટેન્ડર નંબર : ..............                                                    ઈસ્યુ તારીખ :.....................

NAVSARI AGRICULTURAL UNIVERSITY

**ભરેલ ટેન્ડર ફોર્મ મોકલવાની છેલ્લી તારીખ : <u>૨૪/૦૮/૨૦૧૮</u>**

**● ટેન્ડર સંબંધી વધુ વિગત માટે સંપર્ક ●**

સરદાર સ્મૃતિ કેન્દ્ર
નવસારી કૃષિ યુનિવર્સિટી
નવસારી–૩૯૬૪૫૦
ટેલી. ૦૨૬૩૭–૨૮૨૫૭૨, મો.૮૧૨૮૬૮૯૬૮૭

**–: કચેરી:–**

વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની કચેરી
નવસારી કૃષિ યુનિવર્સિટી
નવસારી–૩૯૬૪૫૦
ગુજરાત

વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની કચેરી
**નવસારી કૃષિ યુનિવર્સિટી**
એરૂ ચાર રસ્તા,નવસારી–૩૯૬૪૫૦

# ટેન્ડર ડોકયુમેન્ટ

## સરદાર સ્મૃતિ કેન્દ્ર, એટીક અને મ્યુઝીયમ ખાતે પેવર બ્લોક બેસાડવા માટેની કામગીરી

નવસારી કૃષિ યુનિવર્સિટીનો મુખ્ય ઉદ્દેશ રાજયના ખેડૂતોની ખેતીમાં સુધારો લાવીને તેઓનો આર્થિક વિકાસ સાધવાનો છે.

વર્ષ દરમ્યાન મોટી સંખ્યામાં ખેડૂતો, અધિકારીઓ તથા કર્મચારીઓ યુનિવર્સિટીમાં તાલીમ અને નવી જાણકારી માટે આવતા હોય છે. આ માટે યુનિવર્સિટીના વડા મથક નવસારી ખાતે સરદાર સ્મૃતિ કેન્દ્ર, એટીક અને મ્યુઝીયમની સુવિધા ઉપલબ્ધ છે. આ ત્રણેય યોજનાઓની બિલ્ડિંગો પાસે પેવર બ્લોક બેસાડવાની કામગીરી કરવાની છે. આ માટે રસ ધરાવતી પાર્ટીઓ પાસેથી ભાવ મંગાવવામાં આવે છે. આ માટે આ સાથે સળંગ પાના નં ૧ થી ૫ સુધી ક્રમ ધરાવતાં કાગળો સામેલ કરેલ છે.


| અ.નં. | વિગત | પાના નં. |
|---|---|---|
| ૧ | સરદાર સ્મૃતિ કેન્દ્ર, એટીક અને મ્યુઝીયમ ખાતે પેવર બ્લોક બેસાડવા માટેના ટેન્ડર અંગેની શરતો અને બોલીઓ | ૧–૩ |
| ૨ | સરદાર સ્મૃતિ કેન્દ્ર, એટીક અને મ્યુઝીયમ ખાતે પેવર બ્લોક બેસાડવા માટેનું ભાવ પત્રક | ૪ |
| ૩ | એજન્સીની પ્રાથમિક માહિતી | ૫ |


–:–:–:–:–: –:–:–:–:–: –:–:–:–:–: –:–

વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની કચેરી
**નવસારી કૃષિ યુનિવર્સિટી**
એરૂ ચાર રસ્તા, નવસારી–૩૯૬૪૫૦

# પેવર બ્લોક બેસાડવા માટેના ટેન્ડર અંગેની શરતો અને બોલીઓ

૧. ટેન્ડર ફોર્મમાં દર્શાવ્યા પ્રમાણેના સ્પેશીફીકેશનવાળા માલ–મટીરીયલ વાપરી પેવર બ્લોક બેસાડવાની મજુરીના ભાવો તમામ ટેકસ/ચાર્જીસ સહિતના આપવાના રહેશે.

૨. ટેન્ડર ફોર્મ ભરનાર પાર્ટીએ અર્નેસ્ટ મની ડીપોઝીટ (EMD) પેટે "ASSISTANT EXTENSION EDUCATIONIST (AEE), DEE, NAVSARI" ના નામનો રૂા. ૧૫,૦૦૦/– (અંકે રૂપિયા પંદર હજાર પુરા) નો ડીમાન્ડ ડ્રાફટ ટેન્ડર ફોર્મની સાથે મોકલવાનો રહેશે. જો ટેન્ડરની સાથે ઉપરની વિગતે ડીમાન્ડ ડ્રાફટ મોકલવામાં નહી આવે તે પાર્ટીનું ટેન્ડર ધ્યાને લેવામાં આવશે નહિ. EMD ઉપર કોઈ વ્યાજ ચૂકવવામાં આવશે નહિ.

૩. અર્નેસ્ટ મની ડીપોઝીટ (EMD) ની પુરેપુરી રકમ નીચે દર્શાવેલ કારણોસર જપ્ત (forfeit) કરવામાં આવશે, જેમાં;
(અ) ટેન્ડર ભરનાર પોતાનું ટેન્ડર પરત ખેંચશે તો,
(બ) જે પાર્ટીનું ટેન્ડર મંજુર કરવામાં આવે અને તે પાર્ટી જો પેવર બ્લોક બેસાડવાની કામગીરી કરવાનું ન સ્વીકારીને પીછહેઠ કરે તો,
(ક) જો સંતોષકારક કામગીરી મર્યાદિત સમયમાં ના કરે તો,
(ડ) ઓર્ડરમાં નક્કી કરેલ રકમ સમયાવધિ પહેલાં અધવચ્ચેથી પેવર બ્લોક બેસાડવાની કામગીરી છોડીને જતા રહે તો,

૪. ટેન્ડરીંગ કાર્યવાહી દરમ્યાન જે પાર્ટીના ભાવો માન્ય રાખવામાં આવેલ હોય તેમની સિકયોરીટી ડીપોઝીટ (SD) જમા કરાવ્યા બાદ જ અર્નેસ્ટ મની ડીપોઝીટ (EMD)નો ડ્રાફટ પરત કરવામાં આવશે. જયારે જે પાર્ટીના ભાવો માન્ય રાખવામાં આવેલ ન હોય તેમની અર્નેસ્ટ મની ડીપોઝીટ (EMD)નો ડ્રાફટ ટેન્ડરીંગ કાર્યવાહી પુર્ણ થયે પરત કરવામાં આવશે.

૫. જે પાર્ટીના ભાવો મંજુર કરવામાં આવે તે પાર્ટીએ ઓર્ડર મળ્યાની તારીખથી દિન–૭માં સિકયોરીટી ડીપોઝીટ (SD) તરીકેની રકમ રૂા.૨૫,૦૦૦/– (અંકે રૂપિયા પચ્ચીસ હજાર પુરા) "ASSISTANT EXTENSION EDUCATIONIST (AEE), DEE, NAVSARI" ના નામના ડીમાન્ડ ડ્રાફટથી અત્રેની કચેરી ખાતે જમા કરાવવાના રહેશે. આમ કરવામાં નિષ્ફળ જનાર પાર્ટીનો ઓર્ડર આપોઆપ રદ ગણાશે અને બીજા નંબરની પાર્ટીને ઓર્ડર આપવામાં આવશે. સિકયોરીટી ડીપોઝીટની રકમ ઉપર કોઈ વ્યાજ ચુકવવામાં આવશે નહિ.

૬. સિકયોરીટી ડીપોઝીટ (SD) તરીકેની રકમ નીચે દર્શાવેલ કારણોસર પૂર્ણ અથવા અંશતઃ જપ્ત (forfeit) કરવામાં આવશે, જેમાં,
(અ) ઓર્ડરમાં નક્કી કરેલ રકમ સમયાવધિ પહેલાં અધવચ્ચેથી પેવર બ્લોક બેસાડવાની કામગીરી છોડીને જતા રહે તો,
(બ) પેવર બ્લોક બેસાડવાની કામગીરી સંતોષકારક રીતે ન કરે તો.
અન્યથા પેવર બ્લોક બેસાડવાની કામગીરી સંતોષકારક જણાય તો સિકયોરીટી ડીપોઝીટ (SD) તરીકેની રકમ પુરેપુરી પરત કરવામાં આવશે.

૭. જે પાર્ટીના ભાવો માન્ય રાખવામાં આવે અને તે પાર્ટી નિયત કરવામાં આવેલ તારીખે પેવર બ્લોક બેસાડવાની કામગીરી શરૂ કરવામાં નિષ્ફળ જશે તો કોઈપણ કારણ આપ્યા વગર તે પાર્ટીનો ઓર્ડર રદ કરી પછીના ક્રમે આવતા ઈસમને ઓર્ડર આપી દેવામાં આવશે અને સિકયોરીટી ડીપોઝીટ (SD) ની રકમ પુરેપુરી જપ્ત (forfeit) કરવામાં આવશે.

૮. અત્રેના કેન્દ્રને પાકું બીલ આપવાનું રહેશે. બીલના પેમેન્ટ બાબતે કોઈપણ કાયદાકીય પ્રશ્નો ઉપસ્થિત થાય ત્યારે સંપૂર્ણ જવાબદારી પાર્ટીની રહેશે. જરૂરીયાત ઉભી થાય ત્યારે બીલની કુલ રકમમાંથી નિયમાનુસાર TDS કાપી બીલનું ચુકવણું કરવામાં આવશે.

૯. ટેન્ડર ફોર્મની ફી પેટે રોકડેથી ભરેલ રૂા.૧૫૦૦/– (અંકે રૂપિયા એક હજાર પાંચસો પુરા) ની અસલ રસીદ ટેન્ડર ફોર્મ સાથે જોડવાની રહેશે, નહીંતર ટેન્ડર ફોર્મને અપૂર્ણ ગણી રદ કરવામાં આવશે.

૧૦. પેવર બ્લોક બેસાડવા માટેની કામગીરી કરેલ હોય તો તેનું પ્રમાણપત્ર અથવા આધાર ટેન્ડર ફોર્મ સાથે રજુ કરવાના રહેશે.

૧૧. ભાવો નિયત ટેન્ડર ફોર્મમાં જ ભરવાના રહેશે અન્યથા ભરેલ ભાવો ધ્યાનમાં લેવામાં આવશે નહી.

૧૨. ટેન્ડર પ્રક્રિયાને ધ્યાને લઈને ભાવો મંજૂર કરવા, ભાવો ના મંજૂર કરવા કે આખેઆખી ટેન્ડર પ્રક્રિયાને રદ કરવાની સંપૂર્ણ સત્તા યુનિવર્સિટીના સક્ષમ અધિકારી પાસે અબાધિત રહેશે.

૧૩. ભાવો ભરેલ ટેન્ડર ફોર્મ સાથે ટેન્ડર ફોર્મ ફી ની રસીદ, ઈ.એમ.ડી.નો ડ્રાફટ, પાનકાર્ડની નકલ, અનુભવના પ્રમાણપત્રોની નકલ અને અન્ય સાધનિક પુરાવા સામેલ રાખીને સીલબંધ કવરમાં ''વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, યુનિવર્સિટી ભવન, એરૂ ચાર રસ્તા, નવસારી–૩૯૬૪૫૦'' ના સરનામે મોડામાં મોડું **તા.૨૪/૦૮/૨૦૧૮** સુધીમાં કચેરી સમય દરમ્યાન મળી જાય તે રીતે પોસ્ટ/કુરીયરથી મોકલવાનું રહેશે. કવર ઉપર **''પેવર બ્લોક બેસાડવાની કામગીરીના ભાવ''** એમ અવશ્ય લખવાનું રહેશે. ટેન્ડર ફોર્મ રૂબરૂમાં સ્વિકારવામાં આવશે નહિ.

૧૪. ક્રમ–૧૩ માં દર્શાવેલ સાધનિક પ્રમાણપત્રો અને વિગતો વગરનું ટેન્ડર ફોર્મ અધૂરું ગણીને તેને અમાન્ય ગણવામાં આવશે, જે બાબતે પાછળથી પાર્ટીનો કોઈ હક કે દાવો રહેશે નહિ.

૧૫. ભાવપત્રકના અ.નં (૧)ની સામે દર્શાવેલ કામોના ભાવ જે પાર્ટીના સૌથી ઓછા હશે તેને $L_1$ પાર્ટી તરીકે ગણવામાં આવશે. આ પાર્ટીએ અ.નં (૨) અને (૩) સામે દર્શાવેલ કામો અન્ય પાર્ટીઓએ ભરેલ સૌથી ઓછા ભાવથી કરી આપવાના રહેશે.

૧૬. પુરેપુરુ ભરેલ ટેન્ડર ફોર્મ સહી સિકકા સાથે અસલમાં પરત કરવાનું રહેશે.

૧૭. સરકારશ્રી કે અન્ય સંસ્થાઓ તરફથી કાળી યાદીમાં મુકેલ પાર્ટી ટેન્ડર ભરી શકશે નહી અને જો ટેન્ડર ભરાશે અને મંજૂર થયા બાદ જાણ થશે તો તે પાર્ટી પાસેથી કામગીરી કરાવવામાં આવશે નહી.

૧૮. ભાવો સુવાચ્ય અક્ષરે અને છેકછાક વગર ભરવાના રહેશે તથા પાર્ટીના સહી સિક્કા યોગ્ય જગ્યાએ અને યોગ્ય રીતે થયેલ હોવા જોઈએ નહીતર આવું ટેન્ડર ફોર્મ અમાન્ય ગણવામાં આવશે.

૧૯. કોઈપણ કાયદાકીય વિખવાદ ઉભો થાય ત્યારે તેના નિરાકરણનું કાર્યક્ષેત્ર નવસારી રહેશે.

સ્થળ: **ઉપરોકત શરતો અને બોલીઓ (૧ થી ૧૯)**

તારીખ: **મેં બરાબર વાંચીને સમજી છે અને તે મને માન્ય છે.**

**ભાવ મોકલનાર પાર્ટીની સહી–સિક્કો**

વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની કચેરી
નવસારી કૃષિ યુનિવર્સિટી
એરૂ ચાર રસ્તા, નવસારી–૩૯૬૪૫૦

**સરદાર સ્મૃતિ કેન્દ્ર, એટીક અને મ્યુઝીયમ ખાતે પેવર બ્લોક બેસાડવા માટેનું ભાવ પત્રક**

# TECHNICAL SPECIFICATION

| SR. NO. | WORK SPECIFICATION | Unit | Rate per sq.m/Rmt/cu.m |
|---|---|---|---|
| (1) | Excavation of earth for foundation up to 20 cm in depth consolidating each disposited layers by ramming and watering, filling with Granular Sub Base in layers in foundation and plinth. Providing and fixing pre-cast Rubber Dye inter locking concrete block- grade of concrete M 200 pneumatic compressed by mechanically press and as per approved design including 75 mm Sand layer for leveling and filling the joint with sand in proper line and level etc. complete (Including labour charges and other all taxes) | sq.m | |
| | 1. 60 mm | | |
| | 2. 80 mm | | |
| (2) | Providing and Fixing pre-cast concret kerb stone of gray content based concret block 45 cm length (L), 25 cm height (H) and 10 cm thick (T) of M 250 grade concret as per approved design and including excavation for fixing in proper line and level, filling the joint with 1:3 (1 cement : 3 fine sand) etc. complete. | Rmt | |
| (3) | Filling in foundation and plinth with murrum or selected soil in layer including watering, ramming and consolidating etc. complete. | cu.m | |

Approximately work of Paver block: 8500 sq.ft

સ્થળ: ટેન્ડર ભરેલ પાર્ટીનું નામ, સરનામું, સહી–સિક્કા

તારીખ:

# સરદાર સ્મૃતિ કેન્દ્ર, એટીક અને મ્યુઝીયમ ખાતે પેવર બ્લોક બેસાડવાની કામગીરી

## એજન્સીની પ્રાથમિક માહિતી

| | | | |
|---|---|---|---|
| ૧. | એજન્સીનું નામ | : | |
| ૨. | કાયમી સરનામું | : | |
| ૩. | પત્ર વ્યવહારનું પુરૂ સરનામું | : | |
| ૪. | મોબાઈલ/ ટેલિફોન નંબર (ઓફિસ) | : | |
| ૫ | ફેક્સ નંબર (જો હોય તો) | : | |
| ૬ | ઈ–મેઈલ સરનામું (જો હોય તો) | : | |
| ૭ | ચુકવેલ ટેન્ડર ફી નો રસીદ નંબર | : | |
| ૮ | એજન્સી નોંધણી નંબર (જો હોય તો) | : | |
| ૯ | PAN નંબર | : | |
| ૧૦ | GST /CST/TIN NO. | | |
| ૧૧ | અનુભવની વિગત | : | |

આ ટેન્ડર ડોકયુમેન્ટની સંબંધિત તમામ શરતો અને બોલીઓ મને કબુલ છે.

ટેન્ડર ભરનારની સહી
(નામ તથા એજન્સીના સિક્કા સાથે)